Navgujarat Samay

June 30, 2016
Page No.5

# જીટીયુના સાત સ્ટાર્ટ અપને ગુગલ ક્લાઉડની 20 હજાર ડોલરની ક્રેડિટ

**અમદાવાદઃ** ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી (જીટીયુ)ના સાત સ્ટાર્ટઅપને ગુગલ ક્લાઉડની ૨૦ હજાર ડોલરની ક્રેડિટ પ્રાપ્ત થઇ છે. નવી મુંબઇમાં નાસકોમ તરફથી યોજવામાં આવેલા ગુગલ ક્લાઉડ પ્લેટફોર્મ વિશેના વર્કશોપમાં સીપી ૧૦૦માં દેશભરમાંથી અરજીઓ આવી હતી. જેમાંથી ૫૦ની પસંદગી કરાઈ હતી. જેમાં જીટીયુના સાત સ્ટાર્ટઅપને પસંદ કરાયા હતા. જેમાં આલાગ્રાન્ટ કોમ, યૂથ કનેક્ટ, સ્ટાઇલદોડ, સ્ટુડન્ટડેસ્ક.ઇન, કરિયરખોજ વગેરેનો સમાવેશ થાય છે. સ્ટાર્ટ અપ કંપનીઓને ગુગલ તરફથી પ્રારંભમાં ૩૦૦ ક્રેડિટ આપવામાં આવશે. જેનો બે મહિનામાં ઉપયોગ કર્યા બાદ કંપનીઓને ૨૦ હજાર ડોલરની ક્લાઉટ ક્રેડિટ આપવામાં આવશે. જેની મદદથી કંપનીઓ પોતાની વેબસાઇટ અથવા એપ્લિકેશનનું હોસ્ટિંગ કરી શકશે.